ગાંધીનગરસમાચાર
તા. ૩-૧૨-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

ધ્રુવીકરણના હાથવગા હથિયાર તરીકે કલમ ૩૭૦ને ધાર કાઢી સજાવતું ભાજપ

ભારતીય જનતા પાર્ટી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી માટે એનાં જૂનાં, કટાઈ ગયેલાં હથિયાર ભંડકિયામાંથી બહાર કાઢી કાઢીને સજાવવા લાગી છે. જમ્મુ અને કાશ્મીરને ભારતનાં અન્ય રાજયોથી જુદો દરજ્જો આપતી ખાસ કલમ ૩૭૦ આવું જ એક હાથવગું અને હોઠવગું હથિયાર છે, જેનો અગાઉ લોકસભા તથા પ્રદેશ વિધાનસભાઓની ચૂંટણી ટાણે વારંવાર ઉપયોગ કર્યા છતાં એ હજી આગામી ૨૦૧૪ની ચૂંટણી માટે ઉપયોગી બની શકે એમ માની ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીએ એને ધાર કાઢવા માંડી છે. જમ્મુના મૌલાના આઝાદ સ્ટેડિયમમાં મોદીમુખે કલમ ૩૭૦ની ચર્ચા અને આ કલમ રાજયના વિકાસને બદલે બે કોમો વચ્ચેની વિભાજન રેખા બની ગઈ હોવાની વાત ઘણા લોકોના ગળે ઊતરે એવી છે. અગાઉ આ વિશે અડવાણીએ રાષ્ટ્રવ્યાપી ઊહાપોહ જગાવ્યો હતો, પરંતુ એથી કલમ ૩૭૦ને કોઈ આંચ આવી ન હતી. આ કલમ જમ્મુ અને કાશ્મીરને અન્ય રાજયોની સરખામણીએ જુદો દરજ્જો આપે છે. ગુજરાતનો માલેતુજાર માનવી જમ્મુ અને કાશ્મીરમાં મિલકત ખરીદી શકતો નથી. રતન તાતા જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉલ્લુ બનાવી શકતા નથી. આ વિશેષ જોગવાઈ તે સમયે શેખ અબ્દુલ્લા અને મહારાજા હરિસિંહ જેવા નેતાઓની લાગણીને માન આપીને કરવામાં આવી હતી. કલમમાં તો ત્યાં સુધીની જોગવાઈ છે કે જમ્મુ અને કાશ્મીરનાં માતા-પિતાની લાડકી દીકરી અન્ય રાજયના વતની સાથે લગ્ન કરશે તો પૈતૃક સંપત્તિ પરનો એનો અધિકાર ગુમાવશે. આમ આ કલમ જમ્મુ અને કાશ્મીરને આખા દેશથી અલગ પાડતી કલમ છે. કાશ્મીરી પંડિતોને મોટા પાયે ખીણ વિસ્તારમાંથી હાંકી કઢાયા પછી જમ્મુ સિવાયનો રાજયનો મોટાભાગનો વિસ્તાર મુસ્લિમ આબાદી ધરાવે છે. પાકિસ્તાને કબજે કરેલા તથાકથિત 'આઝાદ કાશ્મીર' સાથે ખીણના રહેવાસીઓને નાભિનાળ સબંધ હોઈ અહીં બારેમાસ હિંદુસ્તાન વિરોધી વાતાવરણ ગૂંજતું રહે છે. અંગત પ્રભાવને કારણે અબ્દુલ્લા પરિવાર હજી કાશ્મીર ખીણને ભારત સાથે જોડી રાખવામાં સફળતા મેળવી શકેલ છે, પરંતુ ૩૭૦મી કલમ વાળી સ્વાયત્તતા સામે આંગળી ચીંધવામાં આવે ત્યારે તો અન્ય રાજકીય પરિબળોની સાથે એમની 'નેશનલ કોન્ફરન્સ'ને પણ કોરસમાં જોડાઈ ૩૭૦નો અમલ ચાલુ રાખવાની જ વાત આલાપવી પડે છે. મોદી અને રાજનાથે જમ્મુ પહોંચી જઈને ખીણના નેતાઓને પડકાર્યા છે ત્યારે દેખીતું છે કે આગામી ૨૦૧૪ની લોકસભામાં ભાજપ ૩૭૦મી કલમ દૂર કરવાની માગણી દેશભરમાં પૂરી બુલંદી સાથે ઉઠાવશે. મૂળે તો હિંદુ મતોના ધ્રુવીકરણને જ વેગ આપતો મુદ્દો છે, વળી તે કાશ્મીરની ખીણમાં રહેતા મુસલમાનો સિવાય દેશના અન્ય મુસલમાનોની લાગણીને પણ સ્પર્શતો નથી. આવો જ બીજો મુદ્દો છે અનામત. પરંતુ ભાજપ એ મુદ્દો છંછેડવાની હિંમત નહીં કરે કારણ કે મુસલમાનોના મતો તો આમેય એને નથી મળવાના તેની એને બરાબર ખબર છે. અનુસૂચિત જાતિ-જનજાતિના વિશેષાધિકાર જેવો અનામતનો મુદ્દો એને ભારે પડી શકે, એથી એ મુદ્દે તો એ ચૂપ જ રહેવાનું પસંદ કરશે. ૩૭૦ સામે સૌ પ્રથમ ઊહાપોહ કરનારા શ્યામાપ્રસાદ મુખર્જીએ ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી. અલગ ધ્વજ, અલગ વિધાન અને અલગ વડાપ્રધાનની વ્યવસ્થા સામે એમણે ચલાવેલી ઝુંબેશને કારણે અલગ ધ્વજ અને અલગ વડાપ્રધાનવાળી વ્યવસ્થા પાછી ખેંચી લેવાયેલી પરંતુ અલગ વિધાન તો રહ્યું છે! હવે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તો એ કલમ ૩૭૦ રદ કરીને જંપશે એવો પ્રચાર કરી દેશમાં બહુમતી મતોનું ધ્રુવીકરણ તથા રાષ્ટ્રીય ચેતનાના મુદ્દે ભાજપનું તરભાણું ભરવાનો પ્રચાર જરૂર થશે, પરંતુ પછી એનું પરિણામ તો 'મંદિર વહીં બનાયેંગે' જેવું જ આવવાનું એટલું તો શાણા મતદારો સમજતા જ હોય!

ખેલ મહાકુંભ-૧૩ની કબડ્ડી અને બાસ્કેટ બોલ સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલયનો ડંકો

બાસ્કેટ બોલમાં વિવિધ કેટેગરીમાં વિદ્યાલયની પાંચ ટીમો વિજેતા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં ખેલ મહાકુંભ-૧૩ જોરશોરથી ચાલી રહ્યો છે. આ ખેલ મહાકુંભમાં સેકટર-૭માં આવેલી ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ કબડ્ડી અને ખોખો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળા તથા નગરનું ગૌરવ વધારેલ છે.

તા. ૨૯મી નવેમ્બરે યોજાયેલી કબડ્ડી સ્પર્ધામાં સે-૭ સ્થિત જે.એમ. તાલુકા કક્ષાની ૧૬ વર્ષથી નિચેના અને ૧૬ વર્ષથી ઉપરના ખેલાડીઓની ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ટીમે અન્ડર-૧૬માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૭૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત તા. ૩૦ નવેમ્બરે રમાયેલી ખોખોની તાલુકા કક્ષાની સ્પર્ધામાં ૧૨ વર્ષથી નીચેના, ૧૬ વર્ષથી નીચેના અને ૧૬ વર્ષથી ઉપરના ખેલાડીઓના ભાઈઓ તથા બહેનોના બંને વિભાગમાં પણ ચૌધરી વિદ્યાલયની ટીમોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. વિવિધ સ્કુલોના ૧૫૬ ખેલાડીઓમાંથી ચૌધરી કન્યા વિદ્યાલયની અન્ડર-૧૨ ટીમ, અન્ડર-૧૬ એ ટીમ, અન્ડર-૧૬ બી ટીમ, એબોવ-૧૬ એ ટીમ અને એબોવ-૧૬ બી ટીમ એમ કુલ ૫ ટીમોએ પ્રથમ સ્થાન મેળવી ડંકો વગાડી દીધો હતો. બંને સ્પર્ધાની વિજેતા તમામ ટીમો હવે જિલ્લા કક્ષાએ રમવા જશે. શાળાના આચાર્યા અને સ્ટાફ પરીવારે તમામ ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

ખેલ મહાકુંભમાં બેડમીન્ટન અને વોલીબોલની સ્પર્ધામાં પણ સમય સ્થળનો ફેરફાર

આ મહાકુંભમાં પહેલીવાર ૧૨ વર્ષથી નીચેના વય જુથનો સમાવેશ

ગાંધીનગર, તા.૨

ખેલ મહાકુંભ ૨૦૧૩માં ચાલુ વર્ષથી ૧૨ વર્ષથી નીચેના ખેલાડીઓનું પણ વય જૂથ રાખી સ્પર્ધામાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૨ વર્ષથી નીચેના વય જૂથ માટે સેમી ફાઈનલના સ્થળે જ ફાઈનલ રમાડવાનું આયોજન કરાયું છે. બેડમીન્ટન અને વોલીબોલની સેમી ફાઈનલ સ્પર્ધાઓ પણ હવે વહેલી યોજી તે જ સ્થળે ફાઈનલ સ્પર્ધા રમાડવામાં આવનાર છે.

ચાલુ વર્ષે ખેલ મહાકુંભમાં સમાવાયેલા ૧૨ વર્ષથી નીચેની વય જુથના ખેલાડીઓ માટેની સ્પર્ધા શાળા કક્ષાથી શરુ થાય છે. ત્યાર બાદ જિલ્લા પંચાયત સીટ કક્ષા અને વોર્ડ કક્ષાથી રાજયકક્ષાની સ્પર્ધા યોજાનાર છે. આ સ્પર્ધકો માટે સેમીફાઈનલ મેચના સ્થળે જ ફાઈનલની સ્પર્ધા યોજવાનું આયોજન કરાયું છે.

આ ખેલ મહાકુંભમાં બેડમીન્ટન અને વોલીબોલની સ્પર્ધાઓ અમદાવાદ ખાતે તા. ૨૨મી ડિસેમ્બરથી ૨૩મી ડિસેમ્બર દરમિયાન યોજાવાની હતી પરંતુ તેમાં હવે ફેરફાર કરવામાં આવ્યો છે. નવા ફેરફાર મુજબ હવે બેડમીન્ટન સેમી ફાઈનલ સ્પર્ધા જામનગર ખાતે અને વોલીબોલની સેમી ફાઈનલ સુરત ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ફેરફાર બેડમીન્ટન તથા વોલીબોલની ભાઈઓ તેમજ બહેનોના વિભાગના તમામ વયજુથને લાગુ પડશે. તેમજ આ રમતોની ફાઈનલ સ્પર્ધા પણ હવે સેમી ફાઈનલના સ્થળે તા. ૧૬મી ડિસેમ્બરથી ૨૦મી ડિસેમ્બર સુધીમાં રમાડી દેવાનું આયોજન કરાયું છે. આ ફેરફાર બેડમીન્ટનની રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય સ્પર્ધા તેમજ વોલીબોલની રમતની ફેડરેશન આયોજીત સીનીયર નેશનલ સ્પર્ધા આ સમયગાળા દરમિયાન જ યોજાઈ રહી હોવાના કારણે કરવામાં આવેલ છે.

બંને રમતમાં ભાગ લેનાર ખેલવીરોને નવા સ્થળ અને સમયની જાણકારી મેળવી જે તે સ્થળે અને યોગ્ય સમયે સ્પર્ધા માટે હાજર રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

સે-૨૨ સરસ્વતી શિશુવાટીકા ખાતે આઠ વિદ્યાર્થીઓનો જન્મદિવસ ઉજવાયો

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ સંશોધન કેન્દ્ર સંચાલિત શ્રી સરસ્વતી શિશુવાટીકા અને પ્રાથમિક મંદિરના કુલ આઠ વિદ્યાર્થીઓના જન્મદિવસની ઉજવણી તા. ૩૦ નવેમ્બરના રોજ સવારે શાળા ખાતે ૯-૦૦ કલાકે કરવામાં આવી હતી. જેમાં બાળકોના માતા-પિતા, શિક્ષકગણ અને ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહીને આશીર્વાદ આપ્યા હતાં.

પી.એચ.ડી.ની પદવી મેળવી

ભારતની નીમ્સ યુનિવર્સિટી જયપુર ખાતે ડૉ. જયરાજસિંહ સારવૈયાએ ડીઝાઈન એન્ડ કેરેકટરાઈઝેશન ઓફ ડ્રાન્સડરમલ ડ્રગ્સ ડિલીવરી સિસ્ટમ કન્ટેઈનીંગ એન્ટી હાઈપરટેન્સીવ એન્ડ એન્ટીલીપિડેમીક ડ્રગ્સ વિષય પર ફાર્મસી વિદ્યાશાખામાં સંશોધન કરી યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. ડૉ. સરવૈયા હાલ એફ.એસ.એલ. ખાતે પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે.

પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટથી શિક્ષણને માઠી અસર

પ્રાથમિક શિક્ષણ માટે પુરતા શિક્ષકો નહીં રહેતા વાલીઓ ચિંતાતુર : મોટા ભાગની શાળામાં સરેરાશ ઓછા શિક્ષક

અમદાવાદ, તા.૦૨

ગુજરાતમાં એક બાજુ શિક્ષણ ક્ષેત્ર ક્રાંતિ થઈ હોવાના દાવા કરીને લોકોને આંજી દેવાનાં પ્રયત્નો થાય છે. પરંતુ આ ઉજળા ચહેરાની પાછળની વાસ્તવિકતા વિકટ અને ડરામણી છે. કારણ કે શિક્ષણનો પાયો કહેવતું પ્રાથમિક શિક્ષણનાં જ ગુજરાતમાં ઠેકાણા નથી. સમગ્ર રાજયની પ્રાથમિક શાળાઓ શિક્ષકોના અભાવથી પીડાઈ રહી છે. જેનાં કારણે બાળકોનાં શિક્ષણ પર તેની વિપરીત અસર પડી રહી છે. સુત્રોના જણાવ્યાનુસાર ઓકટોબરની અંત સુધીમાં ગાંધીનગર શહેરની શાળાઓમાં ૬૩ શિક્ષકોની ઘટ હોવાનું સામે આવ્યું હતું. શહેરની શાળાઓની સ્થિતિ બાબતે અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવી રહ્યા છે. શિક્ષણ વિભાગનાં સુત્રોનું માનીએ ચો એકલા અમદાવાદમાં જ ઓકટોબરનાં અંત સુધી ૧૫૦ કરતા વધુ શિક્ષકોની ઘટ છે. શહેરની શાળાઓમાં શિક્ષકોની ઘટની વિકટ બનતી જતી સમસ્યા અંગ શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા એક નાગરીકે જણાવ્યું હતું કે શહેરની સરકારી શાળાઓમાં શિક્ષણની સ્થિતિ ગંભીર બનતી જાય છે.

અમીર પરીવારનાં બાળકો તો ખાનગી શાળાઓમાં ઉંચી ફી ભરીન પોતાનો શિક્ષણનો અધિકાર મેળવી લે છે. પરંતુ નાના વર્ગના બાળકોને સરકારી શાળાઓ પર આધાર રાખવો પડે છે. જ્યારે બીજી તરફ શાળાઓમાં પણ શિક્ષકોની ઘટ ના પગલે નાના વર્ગનાં બાળકોનાં શિક્ષણ પર વિપરીત અસર પડી રહી છે. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાને ઘોળીને પી જનાર શિક્ષણ ક્ષેત્રના અધિકારીઓ શહેરમાં શિક્ષક બદલી કેમ્પ યોજવામાં ઠાગા ઠૈયા કરી રહ્યા છે. તેમણે અધિકારીઓ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે રાજયનાં અન્ય જીલ્લાઓમાં બદલી કેમ્પ યોજાય છે તે જ રીતે જિલ્લામાં પણ તાલુકા કક્ષા સુધી બદલી કેમ્પ યોજાયા છે પરંતુ અમદાવાદ શહેરમાં બદલી કેમ્પ યોજાતા નથી.

આ બાબતમાં ધારાસભ્ય તથા શિક્ષણ મંત્રીને પણ રજુઆતો કરાઈ છે. તેમ છતાં આ દિશામાં કોઈ કામગીરી થતી નથી. જો કે બદલી કેમ્પ બાબતે ૨૫ જેટલા શિક્ષકોની સંમતિ પણ લેવાઈ છે પણ કામગીરીમાં શુન્ય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રાપ્ત માહિતી અનુસાર ઓકટોબર માસ સુધીનાં અંતમાં અમદાવાદ શહેરની શાળાઓમાં ૧૫૦ શિક્ષકોની ઘટ હોવાનું માલુમ પડ્યું હતું.

હરિની દૃષ્ટિ...

તારા બધા ફ્રેન્ડઝ 'વોટ્સ-એપ' પર જ હોય છે... તો ઘરે ક્યારે જતાં હશે...?

ખેલ મહાકુંભ-૧૩માં ગાંધીનગર મનપા જિલ્લા કક્ષાની સ્પર્ધાના કાર્યક્રમમાં ફેરફાર કરાયો

યોગાસન અને બાસ્કેટ બોલની સ્પર્ધાઓના સ્થળ અને સમયમાં ફેરફાર કરાયો

ગાંધીનગર, તા.૨

ખેલ મહાકુંભ ૨૦૧૩ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા શહેર જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં સમય અને સ્થળમાં કેટલીક સ્પર્ધાઓમાં ફેરફાર કરાયો છે. ગાંધીનગર મનપા જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા તા. ૩જી ડિસેમ્બરે યોજાવાની હતી તેના બદલે હવે તે તા. ૬ ઠ્ઠી ડિસેમ્બરે આર.સી. પટેલ હાઈસ્કુલ સેકટર-૨૩ ખાતે યોજાશે. આ ઉપરાંત બાસ્કેટબોલની મહિલા વિભાગની સ્પર્ધા તે તા. ૮મી ડિસેમ્બરે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સે-૧૫માં યોજવાની હતી તે હવે સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે તા. ૯મી ડિસેમ્બરે યોજાશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને આ સુધારાની નોંધ લઈ સ્પર્ધાના નવા સ્થળે સમયસર હાજર રહેવા તાકીદ કરાઈ છે.

તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળનો સ્નેહમિલન સામારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળનો સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ સચિવાલય કેન્ટીન ખાતે યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર તપોધન બ્રાહ્મણ પ્રગતિમંડળનો સ્નેહમિલન સમારોહ, તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમજ સમાજના નવપરિચિત દંપતી, સરકારમાંથી નિવૃત્ત થયેલા અને બઢતી પામેલા સિનિયરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં બ્રાહ્મણ પ્રગતિમંડળમાં સતત ૨૫ વર્ષ સુધી જેમણેપ્રમુખપદ શોભાવ્યુંતેવા ચંદુભાઈ રાવલનું બ્રાહ્મરત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આશિષભાઈ દવે ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી મનપા તેમજ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

આંબેડકર ઓપન યુનિવર્સિટી સે. ૨૯ ખાતે એસ.સી., એસ.ટી. વિદ્યાર્થીઓને મફત પ્રવેશ મળશે

ગાંધીનગર, તા. ૨

શહેરના સે. ૨૯માં આવેલી શાંતિનિકેતન શાળા ખાતે ચાલતી ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાં એસ.સી., એસ.ટી. પછાત જાતિના વિદ્યાર્થીઓ માટે મફત પ્રવેશ મળશે.

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમો સી.સી.સી. બી.એ., બી.કોમ., એમ.એ. તેમજ અનેક ડિગ્રી કોર્ષની પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે. તેમજ સરકાર તરફથી અતિ પછાત જ્ઞાતિના વિદ્યાર્થીઓને મફત પ્રવેશ આપવામાં આવશે. વધુ માહિતી માટે શાંતિનિકેતન સ્કૂલ સે. ૨૯ ખાતે રબરૂ મુલાકાત લેવા બિપિનભાઈ રાવલે જણાવ્યું છે.

સફળતા માટે નિષ્ફળતાનું પ્રમાણ બમણુ કરવુ પડે, ટૂંકા અને ઝડપી માર્ગની ઝંખનાથી સફળતા મળે ખરી..?

સફળતા માટેની વ્યુહરચના - યૌવનની નજરે...

- હાર્દિક જે. સોરઠીયા

નિષ્ફળતા એ સફળતા પામવા માટેનો ઘોરી માર્ગ છે. એટલા માટે જ કહેવામાં આવ્યું છે. જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરવું પડે.

ધ્યાનથી જોશો તો એ બાબત સ્પષ્ટ થઈ જશે કે સફળતાની દરેક ગાથામાં નિષ્ફળતાની કથા પણ વણાયેલી જ હોય છે. લોકો સફળતા પાછળની નિષ્ફળતાને મહત્વ આપતા નથી. એ લોકો સિક્કાની માત્ર એક જ બાજુ પર નજર નાખે છે અને કહેતા હોય છે કે એ માણસ નસીબવાળો હતો. એ યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ હતો એટલે એને એક પછી એક તકો મળતી ગઈ.

અહીં એક વ્યક્તિનો ઈતિહાસ ટાંકવાનું મન થાય છે આ એ વ્યક્તિ છે જે ૨૧માં વર્ષે ધંધામાં નિષ્ફળ ગઈ. ૨૨માં વર્ષે એ વિધાનસભાની ચૂંટણી હારી, ૨૪માં વર્ષે ફરી ધંધામાં નિષ્ફળ ગઈ. ૨૬માં વર્ષે તેની વ્હાલી ધર્મપત્નીનું અવસાન થઈ ગયું. ૨૭માં વર્ષે એ વ્યક્તિ પોતે પણ માનસિક વિકૃતિનો ભોગ બની. ૩૪માં વર્ષે એણે સંસદીય વિધિમંડળની ચૂંટણીમાં હાર સહેવી પડી. ૪૫માં વર્ષે એ વ્યક્તિ સેનેટની ચૂંટણી હારી ગઈ. ૪૭માં વર્ષે ઉપપ્રમુખ બનાવાના પ્રયત્નો ઉપર પાણી ફરી વળ્યું, ૪૯માં વર્ષે ફરી સેનેટની ચૂંટણીમાં હાર સહન કરવી પડી. પણ આખરે ૫૨માં વર્ષે એ વ્યક્તિ અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવી. એ વ્યક્તિ હતી અબ્રાહમ લિંકન.

શું તમે એમને નિષ્ફળ વ્યક્તિ કહેશો ખરા? હિંમત કરી જઈ એક પછી એક પ્રયત્નો ચાલુ ન રાખતાં, તેઓ શાંત બેસી શકયા હોત. પરંતુ અબ્રાહમ લિંકન માટે નિષ્ફળતા એ તત્પુરતો જ પડાવ હતો. અંતિમ ધ્યેય ન હતું. આવું જ બીજું એક નવું ઉદાહરણ માત્ર એક જૂની પુરાણી મોટર અને બેકારી ભથ્થા તરીકે મળેલા ૧૦૦ ડોલર સાથે જીવનના ૬૫માં વર્ષે કર્નલ સેંડર્સને એવું લાગ્યું કે એમનું જીવન નિરર્થક છે એળે ગયું છે એમણે કંઈક કરવું જોઈએ અને એમને બાની પાકકૃતિ યાદ હતી એટલે ઓર્ડર મળ્યો એ પહેલા એણે અંદાજે કેટલા દરવાજા ખટખટાવ્યા હશે? એવો અંદાજ છે કે એમણે ઓછામાં ઓછા ૧૦૦૦થી વધુ દરવાજા ખટખટાવ્યા હતા. આપણામાંથી કેટલા લોકો ત્રણ-દસ કે પછી સો પ્રયત્નો પછી પણ નિરાશ થયા વિના આગળ વધશે? આપણે તો કહીશું 'અમે તો અમારાથી બનતા બધા પ્રયત્નો કર્યા પણ શું કરીએ?' તરમારી જાણ ખાતર જણાવી દઉં કે કર્નલ સેન્ડર્સની એ રેસીપી આજે વિશ્વભરમાં 'કેટુકી ફાઈડ્'નામે જાણીતી છે.

સફળ માણસો કોઈ મહાન કાર્યો નથી કરતા. પણ તેઓ દરેક નાનામાં નાનુ કાર્ય પણ વિશિષ્ટ અને ચોકસાઈપૂર્વક પૂર્ણ કરે છે.

હેનીફોર્ડ જ્યારે પોતાના જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં 'રિવર્સ ગિયર' નાખવાનું ભૂલી ગયા હતા.

શું તમે આવા લોકોને નિષ્ફળ કહેશો? એમને એક નહીં, પરંતુ અનેક સમસ્યાઓ હોવા છતાં એ વ્યક્તિ પોતાના જીવનમાં સફળ પુરવાર થઈ. જો કે બ્રાહ્મ જગત માટે જાણે એવી છાપ ઉભી થઈ કે તેઓ ખૂબ નસીબદાર હતા. વિશ્વની દરેક યશગાથા સાથે સાથે નિષ્ફળતાની કથા પણ વણાયેલી જ હોય છે.

હવે બીજી તરફ નજર નાખીએ તો ટૂંકા અને ઝડપી માર્ગની ઝંખના સફળતા માટે સહેલો અને સરળ લાગતો માર્ગ કદાચ સૌથી વધુ કષ્ટદાયક અને સંઘર્ષમય હોઈ શકે છે.

એક જંગલમાં લાવારી નામનું પક્ષી ગીત ગાતું હતું. એ વખતે ખેડૂત કૂડાનો ભરેલો ડબ્બો લઈ પસાર થયો. લાવરીએ કહ્યું, ખેડૂતભાઈ આ કીડાનો ડબ્બો લઈને ક્યાં જાવ છો? ખેડૂતે કહ્યું , બજારમાં વેચવા. વેચીને પીછા ખરીદવા માટે. લાવરીએ કહ્યું, મારી પાસે ઘણા બધા પીછા છે એમાંથી એક હું તમને આપું તમે મને કીડાનો ડબ્બો આપો. જેથી મારે કીડા ગોતવા જવાની મગજમારી નહીં. ખેડૂત માની ગયો એણે ડબ્બો લાવરીને આપ્યો. લાવરીએ પીછું આપ્યું. આ નિત્યક્રમ થઈ ગયો. આ લેવડ-દેવડ ત્યાં સુધી ચાલી જ્યાં સુધી લાવરી પાસે ખેડૂતને દેવા માટે એકપણ પીછું ન રહ્યું. અંતે લાવરીને હવે કીડા શોધવા માટે ઉડવું શક્ય ન હતું. એ કદરૂપુ બની ગયું એને પછી એ થોડા વખતમાં જ મૃત્યુ પામ્યું.

આ આખી વાર્તાનો સાર છે. તાત્પર્ય કદાચ બહુ સ્પષ્ટ છે. લાવરી જે માર્ગ વિચાર્યો તે ખૂબ જ ટૂંકો અને ઝડપી હતો. પણ સરવાળે મોંઘો પડ્યો ને કષ્ટદાયક નીવડ્યો. શું આપણી જિંદગી માટે પણ આજ બાબત લાગુ નથી પડતી? ઘણી વખત આપણે સહેલો અને સરળ રસ્તો શોધતા હોઈએ છીએ જે સરવાળે ખૂબ જ મોંઘો પડે છે.

આજકાલ દરેક જગ્યાએ મળતા 'ફાસ્ટફૂડ' અને 'ઈન્સ્ટન્ટ કોફી' વિગેરેની જેમ એમને પણ 'ઈન્સ્ટન્ટ સફળતા', 'ઈન્સ્ટન્ટ સુખ' જોઈતું હોય છે. હકીકતમાં બધા પ્રશ્નોના ઉત્તર 'અબઘડી' મળે એ શક્ય નથી હોતું એટલે કહ્યું હતું જે જ્યારે એ પહેલો મેચ રમ્યો ત્યારે કે બેટા સફળ થવા માટે ક્યારે શોર્ટકટનો ઉપયોગ કરીશ નહીં. કેમ કે ટૂંકા અને ઝડપી માર્ગની ઝંખનાથી સફળતા આખરે મળતી નથી. પરંતુ મહેનત, ધગશ અને કાર્ય પ્રત્યેની રૂચિથી જ સફળતા સાંપડે છે.